# કાર્ડિયાક સર્જરીમાં છાતી પર લાંબો કાપો ટાળવાનો વિકલ્પ

કાર્ડિયાક સર્જરી (હૃદયની સર્જરી) કરાવી હોય તો છાતી પર લાંબા કાપાના કાયમી નિશાન રહી જવાની ઘટના અગાઉ સામાન્ય હતી. સામાન્ય રીતે, અત્યાર સુધી થતી કાર્ડિયાક સર્જરીમાં છાતી પર ૨૫ સેમી જેટલો લાંબો કાપો મુકવો પડતો. પણ, મેડિકલ એડવાન્સમેન્ટ અને અદ્યતન ટેક્નોલોજીની મદદથી આજે કાર્ડિયોથોરેસિક સર્જરીમાં ઘણાં બદલાવ અને સુધારા થયા છે. આ ક્ષેત્રમાં પણ દરેક મેડિકલ શાખાની જેમ મિનિમલ ઈન્વેઝિવ, એટલે કે જેમાં શરીર પર ન્યૂનતમ સર્જરી કે કાપો મૂકવાની જરૂર પડે, તેવી પદ્ધતિથી સર્જરી કરવી શક્ય બની છે. વિદેશ પછી, હવે ભારતમાં પણ દર્દીઓ આ પદ્ધતિ પસંદ કરતા થયા છે. આ ટેક્નોલોજી આપણા દેશમાં નવી હોવાથી નાની સંખ્યામાં લોકો એને પસંદ કરે છે, પણ થોડો સમય જતાં મિનિમલ ઈન્વેઝિવ સર્જરી દર્દીની સર્વોત્તમ સારવાર કરવા શક્ય બનશે.



### યુવાન દર્દી માટે આશીર્વાદરૂપ

ખાસ કરીને યુવાનોમાં જો કાર્ડિયો-થોરેસિક સર્જરી કરવી પડતી હોય ત્યારે કી-હોલ સર્જરી ખૂબ મદદરૂપ બની રહે છે. તેનાથી તેમનો આત્મવિશ્વાસ પણ મજબૂત રહે છે અને છાતી પરનાં નિશાનો વગર તેઓ ફરી એક વાર સામાન્ય જીંદગી જીવવા માટે જલ્દી તૈયાર થઇ શકે છે. સાથે, ડાયાબિટીસ કે અન્ય કોઇ બિમારી ધરાવતા દર્દીઓને જો કાર્ડિયોથોરેસિક સર્જરી કરાવી પડે એવી હોય તો, આ પ્રકારની મિનિમલ ઇન્વેઝિવ પદ્ધતિની પસંદગી કરવી જોઇએ, જેથી ઇન્ફેક્શન થવાની સંભાવના ઓછી થાય અને અન્ય કોઈ કોમ્પ્લિકેશન્સ ન વધે.



હેલ્થ ઇઝ વેલ્થ
ડૉ. ભુપેશ ડી શાહ
કાર્ડિયોથોરેસિક સર્જન

### લોહી ઓછું વહે છે

કાર્ડિયોથોરેસિક સર્જરી શરીરનાં ખૂબ મહત્ત્વનાં અંગ સાથે સંકળાયેલી હોય છે, જેથી તેમાં અનેક નાની બાબતોનું ધ્યાન રાખવું પડતું હોય છે. આવા સમયે, મિનિમલ ઈન્વેઝિવ પદ્ધતિમાં સર્જરી દરમિયાન ખૂબ ઓછી માત્રામાં લોહીનો બગાડ થાય છે. જ્યારે સામાન્ય રીતે સર્જરી કરવાથી ઘણું લોહી વહી જતું હોય છે, જેનાથી પરિસ્થિતિનું જોખમ વધતી શકે છે. પણ હવે નવી પદ્ધતિની મદદથી સર્જરી દરમિયાન ઓછામાં ઓછો લોહીનો બગાડ થાય છે. જે દર્દી માટે આશીર્વાદરૂપ સાબિત થઇ શકે છે.

### ઝડપી સ્વસ્થતા

સામાન્ય રીતે કાર્ડિયો-થોરેસિક સમસ્યાઓ માટે ઓપન-હાર્ટ સર્જરી કરવા માટે છાતી પર ૧૭થી ૨૫ સેમીનો કાપો મૂકવો પડે છે. જેમાં વધારે લોહી વહી જવાની સાથે, સર્જરી બાદ, આ કાપાનું કાયમી નિશાન છાતી પર રહી જતું હોય છે. પણ મિનિમલ ઈન્વેઝિવ કી-હોલ સર્જરીની મદદથી માત્ર ૭થી ૧૦ સેમીની લંબાઇનો કાપો મૂકવો પડે છે. આ સર્જરીમાં સાવચેતી રાખવાથી તેનાં ડાઘ પણ માત્ર સામાન્ય જ રહી જાય છે. આવી બાબતોથી દર્દી ઝડપથી સ્વસ્થતા અનુભવે છે. સામાન્ય પદ્ધતિથી સર્જરી કરવાથી દર્દીને હોસ્પિટલમાં ઓછામાં ઓછા ૭થી ૧૦ દિવસ દાખલ થવું પડતું હોય છે, જેમાં ૩-૪ દિવસ તો આઇસીયુમાં દાખલ થવું પડતું હોય છે. જ્યારે મિનિમલ ઈન્વેઝિવ સર્જરી માટે માત્ર એક દિવસ આઇસીયુ અને વધારેમાં વધારે પાંચ દિવસ હોસ્પિટલમાં રહેવું પડે છે. ઉપરાંત, દર્દીને સર્જરી પછી છાતી પર દુખાવો પણ ઓછો થાય છે, જેથી તે જલ્દી હોસ્પિટલથી રજા મેળવી, ઘરે જઇને થોડાક જ દિવસમાં ફરી સામાન્ય જીવન તરફ વળી શકે છે.

(કૃતિ શાહ સાથેની વાતચીતના આધારે)